દરેક રસ્તાને છેડે રાહ જોતું હોય છે ઘર

ઘરની અંદર રહ્યે રહ્યે આપણે સાવ જ ઘરકૂકડી હોઈએ છીએ. ઘરની બહાર હોઈએ ત્યારે પણ જરાય દૂર નથી હોતું આપણું ઘર. હરીફરીને ડગ મંડાય ફરી ફરી ઘર ભણી. આ ઘર નામની વસનું આકર્ષણ જ એવું છે. માત્ર માણસોને જ નહીં પશુ, પંખી, જીવજંતુ સહુને પોતપોતાનો વાડો, માળો, ઘર, દર પ્યારું-અતિપ્યારું હોય છે. ચાહે ત્રણ વળીઓ ખોડીને એને સહારે ઊભી કરેલી પતરાં કે ઘાસ–કંતાનથી છાયેલી નાની એવી ઝૂંપડી હોય કે અનેક ઓરડાઓની ભુલભુલામણી ખડી કરતી સગવડોના દમામથી ઓપતી કોઈ વિશાળ મહેલાત હોય. ઘર એટલે ઘર. આપણે જાણતાં જ હોઈએ છીએ કે આ રસ્તાને છેડે રાહ જોઈને ખડું છે મારું ઘર, એટલે જ રસ્તાના સંતાપ સંતાપ નથી રહેતા. રસ્તાની એકેએક અડચણો રમતાં રમતાં ખાળીએ છીએ. બધું વળોટતાં વળોટતાં વારે વારે આવી ઊભા રહી જઈએ છીએ; રૂપાળાં ઘરની રળિયામણી હાશમાં, રૂડી નિરાંતમાં!

માણસ ઘર શા માટે વસાવે છે? સુખ માટે? શાંતિ માટે? સલામતી માટે? બધાં જ ઘર સાવ સહજપણે આ બધું આપે છે. શંકરાચાર્યજીએ ભલે દરેકેદરેક વસ્તુને, દરેકેદરેક બાબતોને મિથ્યા કહી હોય, ઘરેઘરમાં એ જ મિથ્યા કહેવાયેલી ક્રિયાઓ સતત થતી જ રહે છે. ભૂખ, ભોજન અને કામનું રળિયામણું સાતત્ય ઘરેઘરનું સત્ય છે. આનંદની લહરમાં દરેક ઘર ફરફરતું હોય છે. ભલે દુઃખ, દુઃખ ને દુઃખ જ હોય સર્વત્ર, પણ સુખનો છાંટોય નથી પડતો ક્યાંય એમ છાતી ઠોકીને કોણ કહી શકશે? પોતપોતાનાં માપ ને પોતપોતાના આપ પ્રમાણે સુખદુઃખ સર્જાતાં રહે છે ઘરેઘરમાં. દરેક ઘર વંશવેલાની જેમ વધતું હોય છે. દરેક ઘરની પોતાની આભા હોય છે. દરેક ઘરનો પોતીકો પ્રભાવ હોય છે. દરેક ઘરનો સ્થાયીભાવ છે આનંદ, આનંદ, આનંદ. ઘર જો ઝટપટ ખાઈ

જવાની કશીક વસ્તુ હોય તો એનો વિપાક છે પ્રસન્નતા. બધું જ મિથ્યા ભાખનાર શ્રી શંકરાચાર્યજીએ પણ ચાર પીઠની સ્થાપના તો કરી જ. એ ચારેચાર પીઠ પણ કશુંક જાળવતાં 'ઘર' જ છેને!

મારા પહેલાં કાવ્યસંગ્રહ 'ક્ષણકમળ'(૧૯૯૧)માં બા અને ઘરનાં સાયુજ્યને ઉપસાવતી રચના 'બા' આવી હતીઃ

ક્યારેક મારી બા હસી પડતી
ત્યારે એના ચહેરા પર જે આભા પથરાઈ વળતી
તેવા ચળકતા લાલ રંગનું ઘર
દૂર દૂર દેખાય છે
એની આજુબાજુ ઝાંખાં પડી ગયેલાં સ્મરણોની ઝાંય
લાલ દીવાલો અને કેસરી છાપરાંવાળું મારું ઘર
બારીમાંથી ઢોળાતાં ફટફટ લીલાં આશ્ચર્યો
ગાઢા ભૂરા રંગની પશ્ચાદ્ ભૂમાં
સફેદ લસરકે ટપકું થતાં જતાં પંખી
દેખાય કે ન દેખાય
પણ આખાય ચિત્રને બાથમાં લઈ
હજીય મારી બા ઊભી છે
અવિચળ અવિશ્રાંત...

ઘરનું કેન્દ્ર હોય છે નારી. પુરુષ તો એના પરિઘમાં જ રહે છે. નારીની ઋજુતા, સૂઝ ઘરનાં સૂક્ષ્મ ઘર્ષણોને ઠારે છે, મઠારે છે, સંવારે છે. નારીની વેદનશીલતા ઘરને પોતાના 'અર્થ'નો ઉઘાડ આપે છે. નર અને નારીના સહજ સાયુજ્યથી રચાય છે ઘર. એ સાયુજ્યની કોઈ તૈયાર મેળવણી બજારમાં મળતી નથી. સમયના પટ પર એની સહજ ભાત ઉપસી આવે છે. આવી મેળવણી કબીરે આમ ચીંધી છેઃ

પ્રેમ ખિલનવા યહી સુભાવ,
તું ચલી આવ કિ મોહિ બુલાવ.

અનુક્રમ

1. ધૂળ----------1
2. ભૂમિપૂજન-------- 2
3. વાસ્તુ-સ્તુતિ --------3
4. ગૃહપ્રવેશ--------- 9
5. બારીઓ ---------10
6. બારણાં----------11
7. ડેલી----------12
8. અંતરીક્ષમાં લટકતી સીડીઓ ---------13
9. ચક્કર ચક્કર ------18
10. રવિવાર----------19
11. સોમવાર -------- 20
12. મંગળવાર --------21
13. બુધવાર--------- 22
14. તાળું----------23
15. – અને ચાવી ------25
16. વસ્તુમાળા ------- 26
17. સ્થિતિ --------- 27
18. શૂળ----------28
19. અધકચરાં ------- 29
20. સિલાઈમશીન ------30
21. ઉઘાડી દુકાનનો સાદ -31
22. વલખાં ----------32
23. રાત વિતાવતું ઘર----33
24. ઘર ----------34
25. કથોલું ગામ -------37
26. એક ગામનું દુઃસ્વપ્ન--38
27. ફળિયામાં પિતરાઈ---39
28. આંગણ આંગણનું સુખ ઉર્ફે ચકરાવા-------41
29. અવગત--------- 42
30. એક વરસનો અમરપટો --------43
31. સાંજના વરંડાનો ચમત્કાર -------- 44
32. કણસાટ ---------45
33. સાંજનું ઘર------- 46
34. વહી જતી સાંજ---- 47
35. ઘેન ----------48

36. પોષની રાત ---------- 49
37. બાગને ખૂણે-------50
38. સહવાસ ----------51
39. સ્ત્રીઓ ----------54
40. બહુરૂપા----------57
41. કેટલાંક ઘરેલુ દૃશ્યો --58
42. ચા પીવાનાં સુખ --- 60
43. બે અડધી ચા------61
44. પાર------------63
45. ભૂરાં આકાશમાં
લીલું ઘર-------- 64
46. ચડતીઊતરતી
કળામાં ઘર -------65
47. પીપળો ને બાપા ----67
48. પોપટ----------68
49. વેરણ----------69
50. સૌનો લાડકવાયો--- 70
51. સુખદુઃખની વાતું ----75
52. સુખનો રોટલો -----76
53. આપણામાં------- 77
54. ઉભડક----------78
55. આવો તો સારું લાગે--79
56. માથાકૂટિયા મજૂરો---80
57. અવળો હાથ
સવળો દાવ -------81
58. જીવાઆતા--------82
59. બા------------83
60. સપનામાં ગામ -----84
61. વિસ્મૃત ઘર -------85
62. હીંચકો ---------86
63. વૈદ્ય ગોવિંદરામ
કરશનદાસ અગ્રાવત--87
64. બાપાની અંતઘડી----88
65. હણો, હણો નરસિંહ
કાળને----------89
66. ભૂમા ---------- 90
67. ક્ષમાપના---------91